જા.નં./નરશ/૩૨૨-૭૨/૨૦૨૫
નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી,
૯મે માળ,જિલ્લા પંચાયત,
વડોદરા
તા. ૨૦/૦૨/૨૦૨૫

**પ્રતિ,**

૧) તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, તમામ જિ.વડોદરા.
૨) મુખ્ય શિક્ષકશ્રી, પ્રાથમિક શાળા તમામ જિ.વડોદરા. (TPEO મારફત)
૩) બી.આર.સી/સી.આર.સી તમામ જિ.વડોદરા. (TPEO મારફત)
૪) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિ. વડોદરા

**વિષય : નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ 'અંતર્ગત ૧૫ થી ૪૫ વર્ષના નિરક્ષરોનું સર્વે કરી ઓનલાઈન ઉલ્લાસ એપ્લીકેશન પર અપલોડ કરવા બાબતે.**

**સંદર્ભ :** માન નાયબ નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ગાંધીનગરના તા:૦૧/૧૨/૨૦૨૫ ની બેઠકમાં થયેલ સુચન અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત સરકારશ્રી, દ્વારા આ જિલ્લામાં "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત આ જિલ્લાનું નિરક્ષરોના સર્વેની કામગીરીની એક રીવ્યુ બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં માન.નિયામકશ્રી દ્વારા ૧૫ થી ૪૫ વયજૂથના નિરક્ષરોના સર્વે તાત્કાલિક કરવા બાબતે સૂચનાઓ આપેલ છે. ઉપરોક્ત સંદર્ભવાળા મીનીટસ પત્રમાં જણાવ્યા અનુસાર દરેક ગામના ૧૫ થી ૪૫ વર્ષની વય જૂથના તમામ નિરક્ષરોનો સર્વે દરેક શાળાના શિક્ષકશ્રીઓ તથા ગામના સ્વયંસેવકો કરી આ શોધાયેલ ૧૫ થી ૪૫ વર્ષની વય જૂથના શોધાયેલ તમામ નિરક્ષરોની વિગતો ઉલ્લાસ મોબાઇલ એપ્લીકેશન પર ઓનલાઈન/ ઓફલાઈન રજીસ્ટ્રેશન કરીને અપલોડ કરવા જણાવવામાં આવે છે. આ કામગીરી સત્વરે હાથ ધરી નોંધાયેલ નિરક્ષરોને દિક્ષા પોર્ટલ પરથી વિષય વસ્તુ લઇ શાળાના શિક્ષકશ્રીઓ તથા ગામના સ્વયંસેવકો દ્વારા ભણાવવાની કામગીરી કરવાની રહેશે. સર્વેની કામગીરી દિવસ-૭ માં પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે. આગામી માર્ચ-૨૦૨૫ માં FLNAT ની પરીક્ષા લેવાનાર છે જેની નોંધ લેવી. જો ગામમાં ૧૫ થી ૪૫ વયજૂથના કોઈ નિરક્ષરો ઉપલબ્ધ ન હોય તો સાથે આપેલ પ્રમાણપત્રમાં ગામના તલાટી મંત્રી, સરપંચશ્રી તથા આચાર્યશ્રીની સહીથી પ્રમાણપત્ર આપવાનું રહેશે. શાળા દ્વારા જે કક્ષાએથી આ સર્વેની કામગીરી થઇશકિત હોય તે કક્ષાએથી સમય મર્યાદામાં સર્વેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ અગાઉ તા:૦૯/૦૧/૨૦૨૫ ના રોજ ઈ-મેલથી પત્ર મોકલેલ હતો બી.આર.સી/સી.આર.સી.શ્રીઓ આપના દ્વારા સર્વે અંગેનો રોજે રોજનો આંકડો શાળા પાસેથી મેળવી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારોશ્રીઓને આપવાનો રહેશે.

જેથી સદરહુ બાબતની અગ્રતા આપી આગળની કાર્યવાહી કરી જેટલા શોધાયેલ નિરક્ષરોને ઉલ્લાસ મોબાઈલ એપ્લીકેશન પોર્ટલ પર અપલોડ કરી નિરક્ષરોની માહિતી અત્રેની કચેરીને સાક્ષરતા ગ્રુપમાં મોકલવા વિનંતી. જેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.

**ઉલ્લાસ એપ્લીકેશન બાબતેની જાણકારી**

- આ એપ્લીકેશન મોબાઇલમાં ગુગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરવાની રહેશે.
- ઉલ્લાસ એપ્લીકેશન ડાઉનલોડ થયા પછી તે એપ્લીકેશન ને ખોલવાની રહેશે.
- તેમાં ભાષા પસંદ કરી નીચે આપેલ CONTINUE માં જવાનું રહેશે.
- SELF REGISTRATION/TAGGING માં જવાનું રહેશે.
- તેમાં પ્રથમ આપેલ Registration of vt and learner માં Continue પર જવાનું રહેશે.
- Yes Select School વિકલ્પ પસંદ કરી Continue પર જવાનું રહેશે.



Scanned with OKEN Scanner

- Search by માં આપની શાળાનું કોઈપણ એક વિકલ્પ પસંદ કરો તેમાં UDISE CODE Enter UDISE code માં આપની શાળાનો UDISE CODE એન્ટર કરી search પર જવાનું રહેશે.
- Search કર્યા પછી આપની શાળાની વિગતો ખુલશે. તેમાં Leamer પસંદ કરી Continue માં દાખલ થતા Self Registration ખુલશે તેમાં નિરક્ષરની માંગ્ય મુજબની વિગતો દાખલ કરી SUBMIT કરવાનું રહેશે. SUBMIT કરતા આ નિરક્ષરની નોંધણી આ એપ્લીકેશનમાં પૂર્ણ થશે.

બીડાણ:

૧) તા:૦૧/૧૨/૨૦૨૫ની મીનીટસ

૨) સર્વે પ્રમાણપત્ર

**નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી**
**વડોદરા**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**વડોદરા**

**જિલ્લા શિક્ષણાધિકારી**
**વડોદરા**

**પ્રાચાર્યશ્રી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**વડોદરા**

**નકલ સવિનય રવાના :**

- માન.નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ ગાંધીનગર.



Scanned with OKEN Scanner

શાળાનું નામ :
ગામ:
તાલુકો :
જિલ્લો:
મુખ્ય શિક્ષકશ્રીના કોન્ટેક નંબર:

## "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત ૧૫ થી ૪૫ વયજૂથના નિરક્ષરોનું સર્વે કર્યાનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આ જિલ્લામાં ભારત સરકારશ્રી દ્વારા 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આ ગામના ૧૫ થી ૪૫ વયજૂથના નિરક્ષરોનું સર્વે આ શાળાના મુખ્ય શિક્ષકશ્રી, તથા શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવેલ છે. આ ગામનું સર્વે કરતા આજની તારીખે ૧૫ થી ૪૫ વર્ષ વયજૂથ મર્યાદાવાળા આ ગામમાં એક પણ નિરક્ષરો શોધાયેલ નથી. જે બાબતેનું આથી મેં જાતે પોતે ખરાઈ કરી આ પ્રમાણપત્ર આપેલ છે.

| | | |
|---|---|---|
| **સરપંચશ્રીના સહી સિક્કા** | **તલાટી મંત્રીશ્રીના સહી સિક્કા** | **આચાર્યશ્રીના સહી સિક્કા** |

**તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**વડોદરા**



Scanned with OKEN Scanner